<table>
<tr><th>ક્રમ નંબર</th><th>હાલની સૂચના</th><th>નવો સુધારો</th></tr>
<tr><td>૧</td><td>ઓફિશિયલી વેલીડ ડોકયુમેન્ટસ (Officially Valid Documents) એટલે કે</td><td rowspan="9">અધિકારીક રીતે માન્ય દસ્તાવેજો (ઓફિશિયલી વેલીડ ડોકયુમેન્ટસ Officially Valid Documents) એટલે કે :-<br>૧. પાસપોર્ટ<br>૨. ડ્રાઈવીગ લાઈસન્સ<br>૩. પાનકાર્ડ<br>૪. ઈલેકશન કમીશન ઓફ ઈન્ડિયા દ્વારા ઈસ્યૂ થયેલ વોટર્સ કાર્ડ<br>૫. સ્ટેટ ગવર્મેન્ટના ઓફિસરની સહીવાળુ નરેગા (NREGA) સ્કીમ હેઠળ ઈસ્યૂ થયેલ જોબ કાર્ડ<br>૬. આધાર કાર્ડ (યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડિયા) દ્વારા જારી કરેલ નામ, એડ્રેસ અને આધાર નંબરની વિગતો દર્શાવતોઆપવામાં આવેલો પત્ર<br>સેન્ટ્રલ ગવર્મેન્ટ દ્વારા રેગ્યુલેટરને કન્સલ્ટ કર્યા બાદ નોટિફાય કરેલ અન્ય દસ્તાવેજ ઉપરોકત દર્શાવેલ દસ્તાવેજો ઓફિશિયલ વેલીડ ડોકયુમેન્ટ ગણાશે અને અગાઉ બેંકને આપવામાં આવેલી સત્તા (discretion) પાછી ખેંચી લેવામાં આવે છે.</td></tr>
<tr><td></td><td>૧. પાસપોર્ટ</td></tr>
<tr><td></td><td>૨. ડ્રાઈવીગ લાઈસન્સ</td></tr>
<tr><td></td><td>૩. પાનકાર્ડ</td></tr>
<tr><td></td><td>૪. ઈલેકશન કમીશન ઓફ ઈન્ડિયા દ્વારા ઈસ્યૂ થયેલ વોટર્સ કાર્ડ</td></tr>
<tr><td></td><td>૫. સ્ટેટ ગવર્મેન્ટના ઓફિસરની સહીવાળુ નરેગા (NREGA) સ્કીમ હેઠળ ઈસ્યૂ થયેલ જોબ કાર્ડ</td></tr>
<tr><td></td><td>૬. આધાર કાર્ડ (યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલો પત્ર) નામ, એડ્રેસ અને આધાર નંબરની વિગતો દર્શાવતો.</td></tr>
<tr><td></td><td>૭. સેન્ટ્રલ ગવર્મેન્ટ દ્વારા રેગ્યુલેટરને કન્સલ્ટ કર્યા બાદ નોટિફાય કરેલ અન્ય દસ્તાવેજ</td></tr>
<tr><td></td><td>૮. બેન્કીગ કંપની / ફાઈનાન્શીયલ સંસ્થાને મધ્યસ્થીને જરૂરી દસ્તાવેજ</td></tr>
</table>

| ક્રમ નંબર | હાલની સૂચના | નવો સુધારો |
|---|---|---|
| ૨ | "વ્યવહાર"માં કોઈપણ ચલણમાં રોકડ કે ચેક, પેમેન્ટ ઓર્ડર અથવા અન્ય ઈન્સ્ટુમેન્ટ અથવા ઈલેકટ્રોનિકલ કે અન્ય નોન ફિઝીકલ દ્વારા કરવામાં આવેલ ડિપોઝીટ, ઉપાડ, એકસચેન્જ અથવા ફંડ ટ્રાન્સફર | વ્યવહાર/લેવડદેવડ (Transaction) એટલે કે ખરીદ, વેચાણ, લોન, પ્લેજ, ભેટ, ટ્રાન્સફર, ડીલીવરી અથવા એવી વ્યવસ્થા જેમાં નીચે દર્શાવેલ સહિત<br>૧. ખાતુ ખોલવું<br>૨. કોઈપણ ચલણમાં રોકડ, ચેક, પેમેન્ટ ઓડર અથવા અન્ય ઈન્સ્ટુમેન્ટ અથવા ઈલેકટ્રોનિકલ કે અન્ય નોન ફિઝીકલ દ્વારા કરવામાં આવેલ ડિપોઝીટ, ઉપાડ, એકસચેન્જ કે ફંડ ટ્રાન્સફર<br>૩. સેફ ડિપોઝીટ બોક્ષ (લોકર) અથવા અન્ય સ્વરૂપના સેફ ડિપોઝીટ બોક્ષનો ઉપયોગ<br>૪. કોઈપણ ફાઈડયુસરી રિલેશનશીપમાં દાખલ થવું.<br>૫. કોઈપણ કોન્ટ્રાકટ અથવા તેના ભાગ કે કાયદાકીય જવાબદારીના ભાગરૂપે કરવામાં આવેલ પેમેન્ટ કે મેળવવામાં આવેલ રકમ (Receipt)<br>૬. કેસીનો કે તેના જેવી તકની રમતો જે રોકડ કે વસ્તુ માટે રમાયેલી હોય તે અંગેની કોઈપણ ચૂકવણીઓ.<br>૭. કાયદેસરની વ્યકિત કે વ્યવસ્થાની રચના કે સ્થાપના કરવી. |
| ૩ | નવી સૂચના ઉમેરવામાં આવી છે. | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેગ્યુલેટર રૂલ્સ નં.૧૪(૧) મુજબ "ઓછા જોખમ" ધરાવતા ગ્રાહકને તેમના પ્રકાર, બિઝનેશ સંબંધ, વ્યવહારોના મૂલ્ય અને પ્રકાર તેમજ સંપૂર્ણ મની લોન્ડ્રીગ અને આતંકવાદીને ફાઈનાન્સમાં રહેલ જોખમને ધ્યાનમાં રાખીને સરળ (Simplified) માપદંડ નકકી કરેલ છે.<br>ઓફિશિયલ વેલીડ ડોકયુમેન્ટસ્ (રૂલ 2(d)) ની આપેલ વ્યાખ્યામાં ઉપરોકત પ્રોવિઝનનો ઉમેરો કરી ગ્રાહકની ઓળખાણ માટે સરળ (Simplified) માપદંડ અપનાવવા હોય ત્યારે નીચે મુજબના ડોકયુમેન્ટસ્ ઓફિશિયલી વેલીડ ડોકયુમેન્ટસ્ ગણાશે.<br>(અ) સેન્ટ્રલ/સ્ટેટ ગવર્મેન્ટ, સ્ટેચ્યુટરી/રેગ્યુલેટરી ઓથોરિટીઝ, પબ્લીક સેકટર અંડરટેકીંગ, શિડયુલ કોમર્શિયલ બેંકસ્ અને પબ્લીક ફાઈનાન્શીયલ ઈન્સ્ટીટયુશન દ્વારા ઈસ્યૂ થયેલ અરજદારના ફોટોગ્રાફ સાથેનું આઈડેન્ટિટિ કાર્ડ |

| ક્રમ નંબર | હાલની સૂચના | નવો સુધારો |
|---|---|---|
| | | (બ) ગેઝેટેડ ઓફિસર દ્વારા એટેસ્ટેડ ફોટા સહિત ઈસ્યૂ થયેલ લેટર.<br>રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા જણાવે છે કે "ઓછા જોખમ" (Low Risk) ધરાવતા ગ્રાહકો પાસેથી ઉપરોકત બાબતે ધ્યાનમાં રાખી સરળ માપદંડ અપનાવેલ હોય ત્યારે આઇડેન્ટિટિ પ્રુફ અને એડ્રેસ પ્રુફ તરીકે ઉપરોકત નંબરઃ (અ) અથવા નંબરઃ (બ) માંથી ગમે તે એક દસ્તાવેજ લેવાનો રહેશે. |
| ૪ | તમામ રોકડ વ્યવહારો (રૂલ નં. 3(c)) કે જેમાં ખોટી અથવા નકલી ચલણી નોટ અથવા બેંક નોટને સાચી નોટ ગણાવી અથવા મૂલ્યવાન દસ્તાવેજ ખોટા કે દસ્તાવેજ બનાવી વ્યવહારો કરવામાં મદદરૂપ થાય તેવા વ્યવહાર તેના બનાવ બાદ મોડામાં મોડા દિન – ૭ માં રિપોર્ટ કરવાનો રહેશે. | (રૂલ નં. 3(c)) મુજબ તમામ રોકડ વ્યવહારો કે જેમાં ખોટી અથવા નકલી નોટને સાચી નોટ તરીકે ગણાવી અથવા મૂલ્યવાન દસ્તાવેજ ખોટા કે ડોકયુમેન્ટ બનાવી વ્યવહારો કરવામાં મદદરૂપ થાય તેવા વ્યવહાર થયા પછીના માસના દિન – ૧૫ માં ડાયરેકટર, FIU-IND ને રિપોર્ટ કરવાનો રહેશે. |
| ૫ | નવી સૂચના ઉમેરવામાં આવેલ છે. | રૂલ નં. 9(1)(ii) મુજબ ગ્રાહકનું ખાતુ "ઓછા જોખમ" (Low Risk) ધરાવતી શ્રેણીમાં વર્ગીકરણ કરવામાં આવેલ હોય અને એ ગ્રાહક કોઇ કારણસર ડોકયુમેન્ટ પૂરા કરી શકે તેમ નથી તેવી રજૂઆત કરે અને બેંકને વ્યાજબી લાગે તો બેંક તેના વ્યવહારોમાં કોઇપણ રૂકાવટ ન આવે તે માટે તેની આઇડેન્ટિટિની પ્રક્રિયા તેની સાથેના સંબંધની તારીખથી છ માસ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. |
| ૬ | બેંકના સરકયુલર નંબરઃ એકા/૧૦૫ – ૨૦૧૩ તારીખઃ૨૬/૧૧/૨૦૧૩માં લાભકર્તા માલિકી હકક ધરાવતી વ્યકિત/સંસ્થાને ઓળખવા અને ચકાસણી કરવા માટે પગલા લેવા બાબતે વિગતવાર માહિતી આપી છે. તે બાબતે વધુમાં જણાવવાનું કે :–<br>અઃ– જયારે ગ્રાહક કંપની હોય ત્યારે લાભકર્તા માલિક એટલે એવી વ્યકિત (Natural Person(s)) જે સ્વયં અથવા એક કે વધુ ન્યાયિક વ્યકિત સાથે કામ કરતી હોય અથવા કન્ટ્રોલીંગ માલિકી હિત અથવા અન્ય કોઇ રીતે કન્ટ્રોલ ધરાવતા હોય. | બેંકના સરકયુલર નંબરઃ એકા/૧૦૫ – ૨૦૧૩ તારીખઃ૨૬/૧૧/૨૦૧૩માં લાભકર્તા માલિકી હકક ધરાવતી વ્યકિત/સંસ્થાને ઓળખવા અને ચકાસણી કરવા માટે પગલા લેવા બાબતે વિગતવાર માહિતી આપી છે. તે બાબતે વધુમાં જણાવવાનું કે :–<br>અઃ– જયારે ગ્રાહક કંપની હોય ત્યારે લાભકર્તા માલિક એટલે એવી વ્યકિત (Natural Person(s)) જે સ્વયં અથવા એક કે વધુ ન્યાયિક વ્યકિત સાથે કામ કરતી હોય અથવા કન્ટ્રોલીંગ માલિકી હિત અથવા અન્ય કોઇ રીતે કન્ટ્રોલ ધરાવતા હોય. |

| ક્રમ નંબર | હાલની સૂચના | નવો સુધારો |
|---|---|---|
| | **સમજૂતી :-**<br>૧. "કન્ટ્રોલીગ માલિકી હિત" (Controlling Ownership Interest) એટલે કે માલિકી અથવા ૨૫% કરતા વધુ શેર ધરાવવા અથવા મૂડી અથવા કંપનીના નફામાં માલિકી ધરાવવી.<br>૨. કન્ટ્રોલ (Control) એટલે કે શેર હોલ્ડીગના કારણે અથવા મેનેજમેન્ટના હકકથી અથવા શેર હોલ્ડર સાથે સમજૂતી કરારથી અથવા વોટીગ કરારથી મોટા ભાગના ડાયરેકટરની નિમણુક અથવા મેનેજમેન્ટ પર અંકુશ અથવા પોલિસી અંગેના નિર્ણય બાબતે હકક ધરાવતા હોય.<br>**બઃ-** જયારે ગ્રાહક ભાગીદારી પેઢી હોય ત્યારે લાભકર્તા માલિક એટલે કે એવી વ્યકિત જે પોતે સ્વયં અથવા કોઇના દ્વારા અથવા એક કે વધુ ન્યાયિક વ્યકિતઓ ભાગીદારી પેઢીમાં મૂડી અથવા નફામાં ૧૫% વધુ માલિકી/હકક ધરાવતી હોય.<br>**કઃ-** જયારે ગ્રાહક નોંધાયા વગરની સંસ્થા (Un-incorporated Assiciation or Body) હોય ત્યારે લાભકર્તા માલિક એટલે કે એવી વ્યકિત જે સ્વયં અથવા કોઇની સાથે અથવા એક કે વધુ ન્યાયિક વ્યકિત જે એસોસિએશન અથવા સંસ્થાની મિલકત અથવા મૂડી અથવા નફાના ૧૫% થી વધુ માલિકી હકક ધરાવતા હોય. | **સમજૂતી :-**<br>૧. "કન્ટ્રોલીગ માલિકી હિત" (Controlling Ownership Interest) એટલે કે માલિકી અથવા ૨૫% કરતા વધુ શેર ધરાવવા અથવા મૂડી અથવા કંપનીના નફામાં માલિકી ધરાવવી.<br>૨. કન્ટ્રોલ (Control) એટલે કે શેર હોલ્ડીગના કારણે અથવા મેનેજમેન્ટના હકકથી અથવા શેર હોલ્ડર સાથે સમજૂતી કરારથી અથવા વોટીગ કરારથી મોટા ભાગના ડાયરેકટરની નિમણુક અથવા મેનેજમેન્ટ પર અંકુશ અથવા પોલિસી અંગેના નિર્ણય બાબતે હકક ધરાવતા હોય.<br>**બઃ-** જયારે ગ્રાહક ભાગીદારી પેઢી હોય ત્યારે લાભકર્તા માલિક એટલે કે એવી વ્યકિત જે પોતે સ્વયં અથવા કોઇના દ્વારા અથવા એક કે વધુ ન્યાયિક વ્યકિતઓ ભાગીદારી પેઢીમાં મૂડી અથવા નફામાં ૧૫% વધુ માલિકી/હકક ધરાવતી હોય.<br>**કઃ-** જયારે ગ્રાહક નોંધાયા વગરની સંસ્થા (Un-incorporated Assiciation or Body) હોય ત્યારે લાભકર્તા માલિક એટલે કે એવી વ્યકિત જે સ્વયં અથવા કોઇની સાથે અથવા એક કે વધુ ન્યાયિક વ્યકિત જે એસોસિએશન અથવા સંસ્થાની મિલકત અથવા મૂડી અથવા નફાના ૧૫% થી વધુ માલિકી હકક ધરાવતા હોય.<br>ડઃ- ઉપર જણાવ્યા પ્રમાણે **અ**, બ અને ક માં લાભકર્તા માલિક નકકી ન થઇ શકે તેમ હોય તો જે વ્યકિત સીનિઅર મેનેજીંગ ઓફિશિયલની પદવી ધરાવતો હોય તે લાભકર્તા માલિક ગણાશે.<br>ઇઃ- જયારે ગ્રાહક ટ્રસ્ટ હોય ત્યારે લાભકર્તા માલિકની ઓળખાણમાં ટ્રસ્ટના ઓથર, ટ્રસ્ટી, વ્યકિત જે ૧૫% કે તેથી વધુ ટ્રસ્ટમાં હિત ધરાવતા હોય અથવા ખરા અર્થમાં ટ્રસ્ટ ઉપર કન્ટ્રોલ અથવા ચેઇન ઓફ કન્ટ્રોલ અથવા માલિકી હોય.<br>એફઃ- જયારે ગ્રાહક અથવા કન્ટ્રોલીગ હિત ધરાવતી સ્ટોક એકસચેન્જ ઉપર લિસ્ટેડ કંપની અથવા તેની સબસીડીઅરી કંપની હોય ત્યારે શેર હોલ્ડર અથવા કંપનીના લાભકર્તા માલિક નકકી કરવા તેમજ ચકાસણી કરવી જરૂરી નથી. |

(૭) ખાતેદારોના ખાતા ખોલતી વખતે રિવાઈઝડ્ પી.એમ.એલ. રૂલ્સ મુજબ નીચે પ્રમાણેના દસ્તાવેજી પુરાવા લેવાના રહેશે. આ બાબતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નીચે દર્શાવેલ દસ્તાવેજના બદલે અન્ય દસ્તાવેજ મેળવવાની છૂટ આપવામાં આવેલ નથી.

| ક્રમ | હાલની સૂચના | નવો સુધારો |
|---|---|---|
| ૭(૧) | વ્યકિતગત ખાતા :: – આઈડેન્ટિટિ પ્રુફ જેવા કે<br>૧. ડ્રાઈવીગ લાઈસન્સ<br>૨. સ્ટેટ ગવર્મેન્ટના ઓફિસરની સહીવાળુ નરેગા સ્કીમ હેઠળ ઈસ્યૂ થયેલ જોબકાર્ડ<br>૩. યૂનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટિ ઓફ ઈન્ડિયા દ્વારા નામ,એડ્રેસ અને આધાર નંબર ધરાવતો લેટર<br>૪. આઈડેન્ટિટિ કાર્ડ (બેંકને સંતોષકારક લાગે તેવું)<br>૫. માન્ય પબ્લીક ઓથોરિટિ કે પબ્લીક ગવર્મેન્ટ દ્વારા ગ્રાહકની આઈડેન્ટિટિ અને રહેઠાણને ચેક કરતો બેંકને માન્ય હોય તેવો લેટર<br>અને ગમે તે એક એડ્રેસ પ્રુફ<br>૧. ટેલિફોન બીલ<br>૨. બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ<br>૩. માન્ય પબ્લીક ઓથોરિટિનો પત્ર<br>૪. ઈલેકિટ્રક બીલ<br>૫. રેશન કાર્ડ<br>૬. બેંકને માન્ય હોય તેવો એમ્પ્લોયર દ્વારા ઈસ્યૂ કરેલ પત્ર<br>૭. સ્ટેટ ગવર્મેન્ટ કે અન્ય તેના જેવી રજિસ્ટ્રેશન સંસ્થામાં રજિસ્ટર્ડ થયેલ ભાડા કરાર જેમાં ગ્રાહકનું એડ્રેસ દર્શાવવામાં આવેલ હોય. | (૭) ખાતેદારોના ખાતા ખોલતી વખતે રિવાઈઝડ્ પી.એમ.એલ. રૂલ્સ મુજબ નીચે પ્રમાણેના દસ્તાવેજી પુરાવામાંથી ગમે તે એક લેવાના રહેશે. આ બાબતે રિઝર્વ બેંક ઓફ<br>ઈન્ડિયાએ નીચે દર્શાવેલ દસ્તાવેજના બદલે અન્ય દસ્તાવેજ મેળવવાની છૂટ આપવામાં આવેલ નથી.<br>૧:– પાસપોર્ટ<br>૨:– ડ્રાઈવીગ લાઈસન્સ<br>૩:– પાનકાર્ડ<br>૪:– ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ઈસ્યૂ થયેલ વોટર્સ કાર્ડ<br>૫:– સ્ટેટ ગવર્મેન્ટના ઓફિસરની સહીવાળુ નરેગા સ્કીમ હેઠળ ઈસ્યૂ થયેલ જોબકાર્ડ<br>૬:– યૂનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટિ ઓફ ઈન્ડિયા દ્વારા નામ,એડ્રેસ અને આધાર નંબર ધરાવતો લેટર<br><br>એડ્રેસ પ્રુફ માટે પણ ઉપરોકત ડોકયુમેન્ટસ્ માન્ય ગણાશે. |
| ૭(૨) | કંપની એકાઉન્ટસ્<br>સર્ટિફિકેટ ઓફ ઈનકોર્પોરેશન અને મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશન<br>એકાઉન્ટ ઓપન કરવા અને ખાતુ ઓપરેટ કરવા માટેની સત્તા આપતો બોર્ડ ઓફ ડિરેકટર્સનો ઠરાવ<br>કંપની વતી વ્યવહારો કરવા માટે મેનેજર, ઓફિસર્સ અથવા કર્મચારીને સત્તા આપતો પાવર ઓફ એટર્ની<br>પાન એલોટમેન્ટ લેટરની નકલ<br>ટેલિફોન બીલની નકલ | ૧:– સર્ટિફિકેટ ઓફ ઈનકોર્પોરેશન<br>૨:– મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશન<br>૩:– બોર્ડ ઓફ ડિરેકટર્સનો ઠરાવ અને મેનેજર, ઓફિસર્સ કે કર્મચારીને સત્તા આપતો પાવર ઓફ એટર્ની<br>વ્યવહારો કરવા માટે પાવર ઓફ એટર્ની ધરાવતા મેનેજર,ઓફિસર્સ કે કર્મચારીના ઓફિશિયલ વેલીડ ડોકયુમેન્ટસ્ –<br>– (ક્રમ નંબરઃ ૭(૧) અનુસાર) |
| ૭(૩) | ભાગીદારી પેઢી | |
| | જો પેઢી રજિસ્ટર્ડ હોય તો રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ | ૧:– નોંધણીનું પ્રમાણપત્ર |
| | ભાગીદારી ડીડ | ૨:– ભાગીદારી પેઢીનો દસ્તાવેજ |
| | ભાગીદારી પેઢી વતી વ્યવહારો કરવા ભાગીદાર કે કર્મચારીને સત્તા આપતો પાવર ઓફ એટર્ની | ૩:– વ્યવહારો કરવા માટે પાવર ઓફ એટર્ની ધરાવતી વ્યકિતના ઓફિશિયલ વેલીડ ડોકયુમેન્ટસ્ – (ક્રમ નંબરઃ ૭(૧) અનુસાર) |
| | ભાગીદાર અને વ્યવહારો કરવા પાવર ઓફ એટર્ની ધરાવતા વ્યકિતના ઓફિશિયલ વેલીડ ડોકયુમેન્ટસ્ અને એડ્રેસ પ્રુફ | |

| ક્રમ નંબર | હાલની સૂચના | નવો સુધારો |
|---|---|---|
| ૭(૪) | ટ્રસ્ટ અને ફાઉન્ડેશન એકાઉન્ટ | |
| | રજિસ્ટર્ડ હોય તો રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ નંબર | ૧:- નોંધણીનું પ્રમાણપત્ર |
| | વ્યવહારો કરવાની મંજૂરી આપતા પાવર ઓફ એટર્નીની નકલ | ૨:- ટ્રસ્ટ ડીડ |
| | ટ્રસ્ટી, સેટલર્સ, લાભાર્થી અને પાવર ઓફ એટર્ની ધરાવનાર ફાઉન્ડર્સ, મેનેજર, ડાયરેકટર્સના ઓળખાણ અને એડ્રેસ પ્રુફ | ૩:- વ્યવહારો કરવા માટે પાવર ઓફ એટર્ની ધરાવતી વ્યકિતના ઓફિશિયલ વેલીડ ડોકયુમેન્ટસ્ - - (ક્રમ નંબરઃ ૭(૧) અનુસાર) |
| | ફાઉન્ડેશન / એસોસિએશનના મેનેજીંગ બોડીનો ઠરાવ | |
| | ટેલિફોન બીલ | |
| | | |
| ૭(૫) | વણ નોંધાયેલ (Un-incorporated) એસોસિએશન અથવા વ્યકિતની સંસ્થા | |
| | કોઈ ચોકકસ સૂચના હાલમાં નથી. | ૧:- એસોસિએશન કે વ્યકિતઓની સંસ્થાના મેનેજીંગ બોડીનો ઠરાવ |
| | | ૨:- વ્યવહારો કરવા માટે આપેલ પાવર ઓફ એટર્ની |
| | | ૩:- વ્યવહારો કરવા માટે આપેલ પાવર ઓફ એટર્ની ધરાવતાં વ્યકિતના ઓફિશિયલ વેલીડ ડોકયુમેન્ટસ્ - (ક્રમ નંબરઃ ૭(૧) અનુસાર) |
| | | ૪:- વ્યકિતઓની બોડી અથવા એસોસિએશનની સ્થાપના / કાયદેસરની હયાતીની ખાતરી થઈ શકે તે માટે બેંકને જરૂરી માહિતી. |

૮ વ્યકિતગત ખાતુ ખોલતી વખતે પાનકાર્ડ મેળવવા બાબતે જણાવવાનું કે પાનકાર્ડ દ્વારા ખાતુ ખોલાવનારી વ્યકિતનું સરનામુ પાનકાર્ડમાં હોતું નથી. આ બાબત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને રીફર કરવામાં આવેલ છે. જેથી જયાં સુધી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આ બાબતે સ્પષ્ટતા ન કરે ત્યાં સુધી ખાતુ ખોલાવનારનું કાયમી/કરન્ટ એડ્રેસનો પુરાવો લેવો જરૂરી રહેશે.

૯ બેંક દ્વારા વખતોવખત આપેલી ઉપરોકત સુધારા સિવાયની સૂચનાઓ યથાવત રહે છે. તેની ખાસ નોંધ લેવી.

ઉપરોકત નવા સુધારાનો અમલ તાત્કાલિક કરવો જરૂરી છે.